1. ભૌતિક વિજ્ઞાનના ક્ષેત્રે કઈ શાખાઓમાં વિવિધ શોધો થઈ હતી ?

➢ ભૌતિક વિજ્ઞાનના ક્ષેત્રે અણુવિજ્ઞાન અવકાશ વિજ્ઞાન ઈલેક્ટ્રોનિક્સ અને યંત્રવિજ્ઞાનની શાખાઓમાં વિવિધ શોધો થઈ હતી.

2. વિજ્ઞાન અને ટેકનોલોજીના ક્ષેત્રે થયેલી કઈ શોધો જનસમાજના જીવનમાં આમૂલ પરિવર્તન લાવી છે ?

➢ વિજ્ઞાન અને ટેકનોલોજીના ક્ષેત્રે વીજળી, ટેલિફોન, ઉપગ્રહ સેવા, દૂરદર્શન, સંચારશક્તિના વિવિધ સાધનો અને આરોગ્ય માટે શોધાયેલી એન્ટિબાયોટિક્સ દવાઓ ની શોધો જનસમાજના જીવન માં અમૂલ પરિવર્તન લાવી છે.

3. કયા દેશોમાં ભૂગર્ભ ઉષ્મામાંથી વીજળી મેળવવામાં આવે છે?

➢ અમેરિકા અને ન્યૂઝીલેન્ડમાં ભૂગર્ભ ઉષ્મામાંથી વીજળી મેળવવામાં આવે છે.

4. ઈન્ફર્મેશન ટેકનોલોજીમાં કેવા સાધનોનો સમાવેશ થાય છે?

➢ માહિતીનું સંયોજન, માહિતી સંયોજનની પ્રક્રિયા, માહિતીનો સંગ્રહ અને તેના પ્રસારણમાં સહાયભૂત થતાં વિવિધ સાધનોનો સમાવેશ ઈન્ફર્મેશન ટેકનોલોજીમાં થાય છે.

5. 20મી સદીની કઈ શોધોએ માનવજીવનને પ્રભાવિત કર્યું?

➢ 20મી સદીમાં વીજળી, સંચાર, ઉપગ્રહ, એન્ટીબાયોટિક, વાહન, વ્યવહારક્ષેત્રે થયેલ શોધોએ માનવજીવનને પ્રભાવિત કર્યું..

6. વર્તમાન સમયમાં સૂર્ય સેલ તૈયાર કરવામાં કયા તત્વનો ઉપયોગ થાય છે?

➢ વર્તમાન સમયમાં સુર્ય સેલ તૈયાર કરવામાં સિલિકોન નો ઉપયોગ કરવામાં આવે છે.

7. કયાં દેશમાં ભૂતાપીય ઊર્જાનો મોટા પ્રમાણમાં ઉપયોગ થાય છે ?

➢ અમેરિકા અને ન્યૂઝીલેન્ડમાં ભૂતાપીય ઊર્જાનો મોટા પ્રમાણમાં ઉપયોગ થાય છે.

8. વિશ્વના મોટાભાગના રાષ્ટ્રો કઈ ઊર્જા તરફ વળ્યાં છે ?

➢ વિશ્વના મોટાભાગના રાષ્ટ્રો પરમાણુ ઊર્જા તરફ વળ્યાં છે.

9. 20મી સદીના અંત સુધીમાં વિશ્વની જનસંખ્યા કેટલી થવાનો અંદાજ છે ?

➢ 20મી સદીના અંત સુધીમાં વિશ્વની જનસંખ્યા છે અબજને પાર થવાનો અંદાજ છે.

10. વિશ્વના કયા દેશોએ કૃષિ ઉત્પાદનક્ષેત્રે નવીનતમ ટેકનોલોજીના પ્રયોગ કર્યા છે?

➢ અમેરિકા, જર્મની, નેધરલેન્ડ અને ઈઝરાયલે કૃષિ ટેકનોલોજીના ક્ષેત્રે પ્રયોગ કર્યો છે.

11. ભારતમાં કયા કારણોસર જળપરિવહનનો વિકાસ થયો છે ?

➢ ભારતમાં લાંબો દરિયાકિનારો હોવાને કારણે જળપરિવહનનો વિકાસ થયો છે.

12. શરીરમાં રહેલા રોગો વિશે કયા સાધનોએ જ્ઞાન વધાર્યું છે?

➢ અલ્ફા સોનોગ્રાફી, કાર્ડિયોગ્રામ અને ઈકો કાર્ડિયોગ્રામ દ્વારા શરીરમાં રહેલા રોગો વિશે જ્ઞાનમાં વધારો થયો.

13. જીનેટીક એન્જિનિયરિંગની સ્થાપના કોને કરી ?

➢ કોહેન અને બોયે જીનેટિક એન્જિનિયરિંગની સ્થાપના કરી.

14. 20મી સદીના સંચારવ્યવસ્થામાં સૌથી મહત્વની બાબત કઈ છે ?

➢ કમ્યુટર ક્રાંતિ એ 20મી સદીની સંચારવ્યવસ્થાની સૌથી મહત્વની બાબત છે.

15. વિશ્વના કયા દેશમાં સૌથી વધુ મલ્ટિનેશન કલ્ચર વિકસ્યું છે?

➢ વિશ્વમાં અમેરિકામાં સૌથી વધુ મલ્ટિનેશન કલ્ચર વિકસ્યું છે.

16. વિશ્વમાં માનવતાવાદ નો પ્રચાર કોને કર્યો છે ?

➢ મહાત્મા ગાંધી, માર્ટિન લ્યુથર કિંગ, નેલ્સન મંડેલા, મધર ટેરેસા જેવા મહામાનવોએ વિશ્વભરમાં માનવતાવાદનો પ્રચાર કર્યો.

17. દુનિયામાં જનમાનસ ને સિનેમાનું ઘેલું કોને લગાવ્યું છે?

➢ ચાર્લી ચેપ્લિન, સર્ગેઈ આઈન્સ્ટાઈન, અકિરા કુરોસાવા , સત્યજીત રે, આડ હીચ કોક અને સ્ટીફન સ્પીલબર્ગે દુનિયાભરમાં સિનેમાનું ઘેલું લગાડ્યું છે.

18. આધુનિક સંદેશાવ્યવહાર હોવા છતાં કયા માધ્યમોએ હજી પોતાનું સ્થાન જાળવી રાખ્યું છે ?

➢ આધુનિક સંદેશાવ્યવહાર હોવા છતાં વર્તમાનપત્ર અને આકાશવાણીએ પોતાનું સ્થાન જાળવી રાખ્યું છે,

19. પીળા પત્રકારત્વ ના ઉદાહરણો આપો.

➢ અમેરિકાનું વોટર ગેટ કાંડ અને ભારતમાં બોફોર્સ કાંડ એ પીળા પત્રકારત્વ ના ઉદાહરણ છે.

20. રેડિયા માં કઈ સંસ્થાઓએ આંતરરાષ્ટ્રીય ખ્યાતી પ્રાપ્તિ કરી છે.

➢ બીબીસી અને વોઈસ ઓફ અમેરિકા એ રેડિયાક્ષેત્રે આંતરરાષ્ટ્રીય આ ખ્યાતી પ્રાપ્ત કરી છે.

21. કંઈ આંતરરાષ્ટ્રીય ચેનલોએ દર્શકોનું મનોરંજન કર્યું છે ?

➢ સી.એન.એન, એશિયન એજ, ડિસ્કવરી, નેશનલ જીયોગ્રાફી અને સ્ટાર જેવી આંતરરાષ્ટ્રીય ચેનલોએ દર્શકોનું મનોરંજન કર્યું છે.

22. સોશીયલ મિડિયા શા માટે બદનામ થયું છે?

➢ સોશીયલ મિડિયામાં રહેલા અસત્ય લોકોની વૃત્તિને કારણે તે ખાસ્સે બદનામ થયું છે.

23. પેનિસિલીન ની શોધ કયારે થઈ?

➢ ઈ.સ. 1942માં પેનિસિલીનની શોધ થઈ.

24. તાર વગરના સંચારમાધ્યમનો આરંભ કોને કર્યો હતો?

➢ માર્કોનીએ તાર વગરના સંચારમાધ્યમનો આરંભ કર્યો હતો.

25. બે વિશ્વયુદ્ધ વચ્ચે કયા પ્રકારની દવાઓ શોધાઈ?

➢ બે વિશ્વયુધ્ધોઓ વચ્ચે સલ્ફા અને એન્ટિબાયોટિક દવાઓની શોધ થઈ.

26. જૈવિક વિજ્ઞાનની શોધ કોણે કરી ? તેનાથી શું ફાયદો થયો છે?

➢ જૈવિક વિશાનની શોધ ચરે કરી. તેનાથી વિપાક્છું, જીવાણુ જેવા જીવો વિશે સંશોધનો શરૂ કરાયા, સમયજતા ઈસ્યુલિન અને પેનસિલીન શોધાયા.